કાર્યપાલક ઈજનેર
સેન્ટ્રલ ઝોન

સુરત મહાનગરપાલિકા
સેન્ટ્રલ ઝોન,નવુ વહીવટી ભવન
મુગલીસરા મેઈન રોડ, સુરત. Ext.૨૦૫
કન્ટ્રોલ રૂમ : ટે.નં.૨૪૨૦૫૪૭ ફેકસ : ૨૪૨૦૫૪૮

સે.ઝોન/એન્જી/આઉટ/નં. 194
તા. 25-7-28

# સંમતિપત્રક

પ્રતિ,
..............................
..............................
..............................

વિષય :– સુ.મ.પા. ના સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં વોર્ડ નં.૨૦ અને ૨૧ માં આવેલ રોડ ડિવાઈડરોમાં, સર્કલ, ચેનેલાઈઝર, ખાતાકીય બાગો, પ્લાન્ટેશન અને ટ્રી ટ્રીમીંગ વિગેરેમાં નિયમિત બાગબાની નિભાવ કામ માટે અનુભવી ૬(છ) કામદાર સાથે ટ્રેકટર વીથ હાઈડ્રોલીક ટ્રેઈલર પુરા પાડવાનું કામ.

સંદર્ભ :– (૧) ઓનલાઈન ટેન્ડર નોટીસ નં.એડી. સીટી ઈજનેર/પીપીજી/૦૧/૨૦૨૩–૨૪.
(૨) સ્થા.સ.ઠ.નં.૧૨૪૬/૨૦૨૩, તા.૧૧/૦૮/૨૩ થી મંજુર થયેલ ભાવ મુજબ.
(૩) એડી. સીટી ઈજનેરશ્રીની તા.૨૪/૦૭/૨૦૨૫ ના રોજની મંજુરી.

મહાશય,

સુ.મ.પા. ના સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં વોર્ડ નં.૨૦ અને ૨૧ માં આવેલ રોડ ડિવાઈડરોમાં, સર્કલ, ચેનેલાઈઝર, ખાતાકીય બાગો, પ્લાન્ટેશન અને ટ્રી ટ્રીમીંગ વિગેરેમાં નિયમિત બાગબાની નિભાવ કામ માટે અનુભવી ૬(છ) કામદાર સાથે ટ્રેકટર વીથ હાઈડ્રોલીક ટ્રેઈલર પુરા પાડવાના કામે ઉકત સંદર્ભ (૨)મુજબ સ્થાયી સમિતિ ઠરાવ નં.૧૨૪૬/૨૦૨૩,તા.૧૧/૦૮/૨૦૨૩ થી મંજુર થયેલ ભાવથી રૂા.૨,૦૦,૦૦૦.૦૦ પૈ. ની મર્યાદામાં કામગીરી કરાવવા સંદર્ભ (૩) હેઠળથી મંજુરી મળેલ. આ કામ કરવા સંમત હોય તો આપશ્રીની લેખીત સંમતિ બંધ કવરમાં તા.૦૫/૦૮/૨૦૨૫ સુધીમાં નીચે સહી કરનારની કચેરીમાં પહોંચાડવા પ્રબંધ કરશો. ઉપરોકત જણાવેલ તારીખ પછી કોઈ બંધ કવરો સ્વીકારવામાં આવશે નહી.

## –: શરતો :–

૧. અર્નેસ્ટમની ડીપોઝીટની રકમ કમિશનરશ્રી, સુરત મહાનગરપાલિકાના નામનો સુરતની રાષ્ટ્રીયકૃત શીડયુલ બેંકના ડીમાન્ડ ડ્રાફટ / પે. ઓર્ડરથી સંમતિપત્રક સાથે રૂા.૨,૦૦૦ /– ની આપવાની રહેશે.
૨. ઈજારદારે અંદાજીત રકમ ના ૨૦% એટલે કે રૂા.૪૦,૦૦૦.૦૦પૈ. કે તેથી વધુ રકમની વર્તમાન (ચાલુ) વર્ષની રાષ્ટ્રીયકૃત બેંકની સોલવંશી સર્ટીફીકેટ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.
૩. ઈજારદારે સમાન પ્રકારના પૂર્ણ કરેલ કામના/ અનુભવના સર્ટીફિકેટ (Form 3A/Work Completion Certificate) ની પ્રમાણીત નકલ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.
૪. ઈજારદારે GST રજીસ્ટ્રેશન સર્ટીફીકેટની નકલ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.
૫. ઈજારદારે પાન કાર્ડ રજુ કરવાનું રહેશે.
૬. કોઈપણ તથા બધાજ સંમતિપત્રક રદ કરવાનો અધિકાર સુરત મહાનગરપાલિકાને અબાધિત રહેશે તે અંગે કોઈ પણ કારણો આપવામાં આવશે નહી.
૭. તમામ પ્રકારના વેરા / સરકારી ટેક્ષ ઈજારદારે ભોગવવાનાં રહેશે.
૮. તમામ સરકારી/ અર્ધ સરકારી લાગુ પડતા કાયદાનું ઈજારદારે પાલન કરવાનું રહેશે.
૯. ઈજારદારે ડ્રાઈવીંગ લાયસન્સની વિગત તેમજ ટ્રેકટરની સંબંધિત ઈજારદારના/માલિકીના નામે અથવા ભાડા કરાર અથવા વેચાણ દસ્તાવેજના જેવા કે, આર.સી.બુકની પ્રમાણિત નકલ. (ટ્રેકટર વર્ષ–૨૦૧૫ અને તે પછીનાં વર્ષનુ મેન્યુફેકચરીંગ /પાસીંગ હોવુ જોઈએ.)

કાર્યપાલક ઈજનેર
સેન્ટ્રલ ઝોન
સુરત મહાનગરપાલિકા